# તલોદ ધરતી પુત્રો પર પાલિકાનું આભ ફાટયું

## સાબરકાંઠા જિલ્લાના તલોદ ગામ પાસે આવેલ ખેતરોમાં પાલિકાનું ગટરનું પાણી ફરી વળતા ખેડૂતોનો તૈયાર થયેલ પાક નિષ્ફળ ગયો તો ખેડૂતોએ પાલિકામાં તથા મામલતદારને નિષ્ફળ ગયેલ પાકને લઈને આવેદનપત્ર આપીને લેખિતમાં રજુઆત કરી

### તલોદ ખાતે ગટરનું ગંદુ પાણી ખેતરોમાં ફરી વળ્યું


તસવીર : સંજય રાવલ



પ્રાંતિજ, તા. ૫

તલોદ ગામ પાસે આવેલ ખેતરોમાં તલોદ પાલિકાના ગંદા પાણીના તળાવમાં ગાબડું પડતાં પાસે આવેલ ખેતરોમાં પાણી ફરી વળ્યું જેમાં પટેલ જશુભાઇ મુળજીભાઈના છ વિઘાના બટાકા તથા પટેલ રમણભાઇ મુળજીભાઈના ચાર વિગાના બટાકા તો બન્ને ભાઇઓને સાત લાખથી વધારે નુકસાન થયું છે. દિનેશભાઇ કેશાભાઇ પરમાર સહિતના ખેડૂતોના ખેતરોમાં પણ ગટરનું ગંદુ પાણી ઘુસી જતાં ખેતરોમાં તૈયાર થયેલ ઘઉં, એરંડાના પાકમાં પાલિકાની નિષ્ક્રિયતાને લઈને ગટરનું ગંદા પાણીના તળાવનું પાણી ખેતરોમાં ફરી વળ્યા તો તૈયાર થયેલ પાક ઉપર પાણી ફરી વળતા ખેડૂતોને હાલ તો લાખ્ખો રૂપિયાનું નુકસાન થવા પામ્યું છે. આ અંગે ખેડૂતો દ્વારા પાલિકા દ્વારા વળતર આપવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે અને તલોદ પાલિકામાં ચીફ ઓફિસર તથા તલોદ મામલતદારને આવેદનપત્ર આપ્યું છે. અગાઉ પણ આવી ઘટના બની હતી પણ પાલિકા દ્વારા ખેડૂતોને વળતર ચુકવવામાં આવ્યું નથી ત્યારે જો ખેડેતોને વળતર નહી ચુકવવામાં આવે તો તૈયાર થયેલ પાકની સાથે ધરૂ, પાણી, ખાતર, મજુરી સહિતનો ખર્ચ હાલ તો માથે પડશે અને હાલ તો તૈયાર થયેલ પાક પણ ખેડૂતોના હાથમાંથી જશે. ખેડૂતો દ્વારા આ અંગે પાલિકામાં રજુઆત કરવામાં આવી છે ત્યારે હાલ તો પાલિકા દ્વારા તળાવમાં પડેલ ગાબડું તો પુરવામાં આવ્યું છે પણ ખેડૂતોને થયેલ નુકશાન સામે વળતર આપવામાં આવશે કે કેમ એ તો હવે જોવું રહ્યું.

ખેડુત રમણભાઈ મુળજીભાઈ નું કહેવું છે કે અગાઉ પણ આ રીતે પાલિકાનું ગંદા પાણીનું તળાવમાં ગાબડું પડયું હતું અને ખેડુતોને મગફળીનો પાક નિષ્ફળ ગયો હતો અને ફરી પાછું ગાબડું પડતાં બટાકામાં પાણી ફરી વળતા સાત લાખથી વધારે નુકશાન થયું છે જે અંગે તલોદ મામલતદાર તથા નગરપાલિકા ચીફઓફિસરને લેખિતમાં વળતર ચુકવવા રજુઆતો કરવામાં આવી છે.

તલોદ નગરપાલિકા ચીફઓફિસર નુ શું કહેવું છે

તળાવનુ ગંદુ પાણી ગાબડું પડતાં કેટલાક ખેડૂતોના ખેતરોમાં ઘુસી ગયું છે જે અમને જાણ થતાં અમે તાત્કાલિક ધોરણે જેસીબી દ્વારા પુરાણ કરવામાં આવ્યું છે અને ખેડૂતો દ્વારા લેખિતમાં પણ જાણ કરવામાં આવ્યું તો આજે સ્થળ તપાસ કરી નિયમ પ્રમાણે કરાવી દઈશુ અને હવે એક્શન પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો છે જેથી ભવિષ્યમાં આવી ઘટના નહીં બને.



### બાયડના તબીબે શાળાના બાળકોને સ્વેટર આપી પિતાને શ્રદ્ધાજલી અર્પી

સામાન્ય રીતે વડીલોની યાદમાં પરિવારજનો દાનકર્મ કરી સમાજ ઉપયોગી કર્મ કરાતાં હોય છે આવુ જ કંઈક બાયડની જાણીતી ખાનગી હૉસ્પિટલના તબીબે પોતાના પિતાજીને શ્રધ્ધાંજલી આપવા શાળાના બાળકોંને સ્વેટરનું વિતરણ કર્યું હતુ. તબીબના આ સેવાકાર્યને શાળા પરિવારજનો તેમજ ગ્રામલોકોએ વધાવ્યુ હતુ. બાયડ ખાતે મલ્હાર ચિલ્ડ્રન હોસ્પિટલના જાણીતા તબીબ તેમજ સેવાકીય પ્રવૃત્તિ માટે હંમેશા તત્પર રહેનાર ડૉ.અલ્પેશભાઈ એન.પટેલે પોતાના પિતાજીની મુત્યુતિથિ પ્રસંગે બાળકોને સ્વેટરનું વિતરણ કરી સેવાનું અનોખું ઉદાહરણ પુરુ પાડ્યું હતુ.પેન્ટરપૂરા પ્રાથમિક શાળાના તમામ બાળકોને તબીબે તેમનાં પરિવારજનો સાથે ઉપસ્થિત રહી બાળકોને સ્વેટર આપ્યાં હતાં.ઠંડીનાં સમયે જ સ્વેટર મળતાં બાળકોના ચહેરાઓ પર આનંદ છલકતો જોવા મળતો હતો.આ પ્રસંગે શાળાના આચાર્ય શિક્ષકગણ તેમજ ઉપસ્થિત ગ્રામજનોએ તબીબના સેવાકાર્યને બિરદાવ્યું હતુ.

### ભાથીજીના મુવાડામાં શિક્ષકની બદલી કરાતાં ગ્રામજનોની તાળાબંધીની ચીમકી

બાયડ તાલુકાના ભાથિજીના મુવાડા પ્રા. શાળામાં ફરજ બજાવતા શિક્ષકની બદલી કરી દેવાતાં ગ્રામજનોએ વિરોધ ઉઠાવ્યો છે.ત્રણ વર્ગો વચ્ચે એક જ શિક્ષક હોવાં છતાં નવા શિક્ષકની નિમણુંક કર્યા વગર વર્તમાન શિક્ષકની બદલીના આદેશો કરાતાં ગ્રામજનોએ તાલુકા પ્રા.શિક્ષણાધિકારીને રજુઆત આવેદનપત્ર પાઠવી નવા શિક્ષકની નીમણુક કર્યા બાદ હાલ ફરજ બજાવતા શિક્ષકને છુટા કરવાનાં આદેશની માંગ કરી હતી. બાયડ તાલુકાના ભાથિજીના મુવાડા ખાતે આવેલી સરકારી પ્રા. શાળાના ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં ફરજ બજાવતા શિક્ષક વિપુલભાઈ પટેલની ફૂઈનાં મુવાડા ખાતે બદલી કરાતાં ગ્રામજનોએ શિક્ષકની બદલી થતી અટકાવવા તેમજ આ પ્રાથમિક શાળામાં નવા શિક્ષક હાજર ન થાય ત્યાં સુધી વર્તમાન સમયમાં ફરજ બજવાતા શિક્ષકને છુટા ન કરવા માંગ તાલુકા પ્રાથમિક શિક્ષણાધીકારી સમક્ષ કરી હતી.

#### ગ્રામજનોએ ભવિષ્યમાં તાળાબંધીની માંગ કરી

ભાથિજીના મુવાડાના ગ્રામજનોએ આપેલ આવેદનમાં જણાવ્યા અનુસાર હાલ ગામની પ્રાથમિક શાળામાં ૧થી ૮ ધોરણ સુધીના વર્ગો ચાલે છે. ૧થી૫ ધોરણમાં હાલ ૩ શિક્ષકો ફરજ બજાવી રહ્યાં છે.જ્યારે ૬ થી ૮ ધોરણમાં માત્ર એક જ શિક્ષક છે આ શિક્ષકની બદલી કરી દેવામાં આવે તો મધ્યસત્ર દરમ્યાન બાળકોના શિક્ષણનું શુ? બાળકો નજીકના ભવિષ્યમાં પરીક્ષાઓ પણ આવી રહી છે.



### ધનસુરામાં પ્રયાસ ગ્રુપ દ્વારા સ્વેટરનુ વિતરણ કરવામાં આવ્યું

ધનસુરાના પ્રયાસ ગ્રુપના યુવાનો દ્વારા શક્તિનગર અને ચાંપેલા ( નવી શીનોલ) પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને સ્વેટર વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રયાસ ગ્રુપ દ્વારા શક્તિનગર પ્રાથમિક શાળામાં ૫૦ જેટલા બાળકોને અને ચાંપેલા (નવી શિણોલ) પ્રાથમિક શાળામાં ૨૬ બાળકોને સ્વેટરનુ વિતરણ કરાયું હતુ. પ્રયાસ ગ્રુપના યુવાનો દ્વારા ઉનાળામાં જનતા માટે મિનરલ ઠંડા પાણીની પરબ, અંબાજી જતા દર્શનાર્થીઓ માટે વિસામો બનાવવો જેવા સામાજિક કાર્ય કરવામાં આવે છે. ત્યારે આ યુવાનો દ્વારા આ સ્વેટર વિતરણ જેવું એક સરાહનીય કાર્ય કરવામાં આવ્યું હતું. શક્તિનગર પ્રાથમિક શાળાના આચાર્ય શર્મિષ્ઠાબેન પટેલ, પિયુષભાઈ પંચાલ અને શીતલબેન પટેલે યુવાનોના આ કાર્યને બિરદાવ્યું હતું. ગ્રુપના આ કાર્યક્રમમાં આનંદ પટેલ, આકાશ બ્રહ્મભટ્ટ, રાજેશ વાઘેલા, જીતુ ચોપડા, જીગર પ્રજાપતિ, જય જોશી સહિતના સભ્યો હાજર રહ્યા હતા.

### ખેડબ્રહ્મા કોલેજ દ્વારા 'ગ્રામોત્થાન અને જનજાગૃતિ વાર્ષિક શિબિર' યોજાઈ

ખેડબ્રહ્મા, તા. ૫

ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મામાં કોલેજમાં ચાલતા રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) વિભાગ દ્વારા તા. ૨૩-૧૨-૨૦૧૮થી ૨૯-૧૨-૨૦૧૮ દરમ્યાન ખેડબ્રહ્મા તાલુકાના ગલોડીયા ગામે ''ગ્રામોત્થાન અને જનજાગૃતિ વાર્ષિક શિબિર'' યોજાઈ ગઈ. જે અંતર્ગત ગ્રામ સફાઈ, બેટી બચાવો કાર્યક્રમ, અંધશ્રદ્ધા નિવારણ, યોગ-પ્રાણાયમ અને ધ્યાન, વ્યસન મુક્તિ, ફ્રી નેત્ર નિદાન અને રાહતદરે ચશ્મા વિતરણ, રેલી પ્રદર્શન આપત્તિ નિવારણ કેન્દ્ર ઈડર દ્વારા ફાયર સેફટી કાર્યક્રમ, બૌદ્ધિક વ્યાખ્યાનોમાં કુદરતી ઉપચાર પદ્ધતિ, એન.એસ.એસ. અને સમાજ, એગ્રીકલ્ચર અને પશુપાલન, આહાર સમતોલન, સાંસ્કૃતિક કાર્યક્રમ તથા વિવિધ સ્પર્ધાઓ જેવી કે મહેંદી, રંગોળી, વાનગી, કેશ ગૂંથન, ગૃહ સુશોભન, બાળ તંદુરસ્તી વગેરે વિવિધાસભર કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. આ શિબિર કોલેજના આચાર્ય એન.ડી. પટેલ સાહેબના માર્ગદર્શન તથા અધ્યક્ષપદે યોજાઈ હતી. શિબિરમાં ૧૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર્સ પ્રા. ડૉ. જે.એસ. રાઠવા તથા પ્રા. ડૉ. કે.ડી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### તલોદ સી.ડી. પટેલ હાઈસ્કૂલ ખાતે રાજયકક્ષાની વક્તૃત્વ સ્પર્ધા ૧૨મીએ યોજાશે

તલોદ ખાતેની સી.ડી. પટેલ હાઈસ્કૂલ સ્ટાફ પરિવાર તથા ગીતાંજલિ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે આગામી તા. ૧૨-૧-૨૦૧૯ના રોજ બે વિજયપદ્મ વક્તૃત્વ સ્પર્ધા યોજાનાર છે. સ્વ. શાંતુભાઈ ચુનીભાઈ પટેલ તલોદ/પ્રાંતિજ તાલુકા પ્રા. શાળા વિજયપદ્મ વક્તૃત્વ સ્પર્ધા તથા સ્વ. અંબુભાઈ દેસાઈભાઈ પટેલ તલોદ/પ્રાંતિજ તાલુકા મા. શાળા/ઉ.મા. શાળા વક્તૃત્વ સ્પર્ધા તલોદ નગરપાલિકા પ્રમુખ નરેન્દ્રસિંહ સોલંકીના અધ્યક્ષસ્થાને યોજાનાર છે. આ બંને સ્પર્ધાનું ઉદ્ઘાટન વર્તમાન અને પૂર્વ ધારાસભ્યો સંયુક્ત રીતે કરશે તેમ આયોજકો દ્વારા જાણવા મળેલ છે.

### મોડાસા-અણીયોર રોડ પર બોરડી કંપાના ગ્રામજનોએ તળાવ ભરવાની માંગ સાથે ચક્કાજામ



સમગ્ર રાજ્યમાં દુષ્કાળના ડાકલા વાગી રહ્યા છે અરવલ્લી જીલ્લામાં તળાવો અને નદીઓમાં પાણી શિયાળાના મધ્યાન્તરે જ તળિયા ઝાટક થતા ખેડૂતો ની હાલત દયનિય બની છે નર્મદાના નીર થી એસ.કે.ટુ યોજના હેઠળ અરવલ્લી જીલ્લાના તળાવો પાઈપલાઈન મારફતે ભરવાની જોરશોરથી કરવામાં આવેલી જાહેરાત બાદ મોડાસા તાલુકાના બોરડી કંપા નજીક તળાવના તળિયા દેખાતા પાણી ભરવાની માંગ સાથે ખેડૂતો રોડ પર ઉતારી આવ્યા હતા અને મોડાસા-અણીયોર રાજ્યધોરીમાર્ગ પર ચક્કાજામ કરતા વાહનવ્યવહાર થંભી જતા ટ્રાફિકજામ ના દ્રશ્યો સર્જાતા પોલીસતંત્ર તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ખેડૂતોને સમજાવી ચક્કાજામ દૂર કરી ટ્રાફિક પૂર્વરત કરાયો હતો.

મોડાસા તાલુકાના બોરડીકંપા ગામે આવેલું તળાવ ખાલીખમ હોવાથી અને એસ.કે, ટૂ યોજના અંતર્ગત નર્મદાના પાણીથી ત્રણ જીલ્લાના તળાવો ભરવાની રાજ્ય સરકારે મોટા ઉપાડે જાહેરાત કરી હતી ૪૫૨ કરોડ ના ખર્ચે તળાવો ભરવા પ્રોજેક્ટ બનાવ્યો હતો પરંતુ કરોડોના એંધાણ પછી પણ સિંચાઈ વિભાગની ઉદાસીનતાના પગલે બોરડી કંપા નું તળાવ તળિયા ઝાટક હોવાથી ખેડૂતોને સિંચાઈ તેમજ પશુઓ માટે પાણીની તંગી સર્જાતા મોડાસા અણિયોર રોડ પર ખેડૂતો અને ગ્રામજનોએ સુત્રોચ્ચાર કરી તળાવને ભરવાની માંગ કરી હતી રોડ પર ચક્કાજામ કર્યો હતો વિરોધ પ્રદર્શનમાં મહિલાઓ તેમજ બાળકો પણ જોડાયા હતા અને ખેડૂતોએ ચિમકી ઉચ્ચારી હતી કે જો આગામી સમયમાં તળાવ નહીં ભરવામાં આવે તો તેઓ ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે ખેડૂતોના જણાવ્યા અનુસાર બોરડી કંપા નજીક આવેલું તળાવ ભરવામાં આવે તો આસપાસના સાત જેટલા ગામને લાભ મળી શકે છે, અને પાંચસોથી વધારે હેક્ટરમાં સિંચાઈનું પાણી મળી શકે તેમ છે તદઉપરાંત નર્મદાની પાઈપલાઈનથી સાઠંબાથી શામળીજી સુધી ૧૦૦ જેટલા તળાવો ભરવાના હતા પણ હાલ પરિસ્થિતિ વિકટ વિકટ હોવાનું જણાવ્યું હતું અને વધુમાં ઉમેર્યું હતું કે સાઠંબા પાસે જાલમપુરા ગામે સંપ બનાવાયો છે જ્યાંથી પંપિગ દ્વારા તળાવો ભરવામાં આવે છે, જેમાં માત્ર એક જ પંપ ચાલુ કરવામાં આવતો હોવાથી પૂરતું પાણી નથી પહોંચતું જો આ ત્રણે પંપ ચાલુ કરવામાં આવે તો શામળાજી સુધી પાણી પહોંચી શકે અને ખેડૂતોને સિચાઈ માટે પાણી મળી શકે છે.



### મોડાસાની કોલેજમાં ટેબલેટ વિતરણ

મોડાસાની બીસીએ અને પીજીડીસીએ કોલેજમાં સરકારશ્રીની યોજના મુજબ વર્ષ-૨૦૧૮માં પ્રવેશ મેળવનાર પ્રથમ વર્ષના ૭૮ વિદ્યાર્થીઓને ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજના પ્રભારી મંત્રી અરવિંદભાઈ જે. મોદીની ખાસ ઉપસ્થિતિ રહી હતી. કોલેજમાંથી આચાર્ય રાજેશ મકવાણાએ મહેમાનોને આવકાર્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજના તમામ સ્ટાફમિત્રો જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રો. મહંમદ યુનુસ ઘોરીએ કર્યું હતું.

### અગ્ર શિક્ષણ સચિવ વિનોદ રાવે લીધી પોશીના તાલુકાની ઓચીંતી મુલાકાત

રાજ્ય સરકારના અગ્ર સચિવ બે દિવસથી પોશીના તાલુકાની ઓચીતી મુલાકાત લીધી, જ્યાં તેમણે ઉંડાણના વિસ્તાર અને બીઆરસી અને પ્રાથમીક શિક્ષણની ગુણવત્તા માટે તાલુકાના પ્રાથમીક શિકશણાધિકારી બીઆરસી સીઆરસી અને શિક્ષકોના કામથી નિરાશા સાંપડી હતી. મુલાકાત દરમિયાન તેમને ત્યા સરકારી અત્યાધુનિક સુવિધાયુક્ત શાળાઓ હોવા છતાં અંતરીયાળ વિસ્તારમાં શિક્ષણનુંસ્તર ખૂબજ કથળેલુ જણાવ્યું હતું. જેમાં જીલ્લા શિક્ષણ અધિકારીએ નોટિસ તારીખ ૧-૧-૨૦૧૯ના રોજ પોશીના તાલુકાની સમીક્ષા બેઠકમાં ફરજ પ્રત્યે નિષ્કાળજી દાખવેલ છે. વધુમાં તમારી કાર્ય ક્ષેત્રના કર્મચારીને સંપર્ક કરતાં માહીતી મળી કે તમને ન છાજે તેવું વર્તન કરતાં માલુમ પડ્યું છે. ગુજરાત પંચાયત નિયમો અનુસાર તમારી સામે શિક્ષણાત્મક પગલાં કેમ ન લેવા તેનો ખુલાસો દિન સાતમાં કરવો તેવી નોટીસ પોશીના તાલુકાના પીપલીયા, કોલન્દ, કાજાવાસ, સાધુ ફળો, દેમતીમેઢા આમ કુલ પાંચ શાળાને જીલ્લા શિક્ષણ અધિકારી એ ખુલાસો માંગતી નોટિસ ફટકારવામાં આવી છે. તા. ૧-૧૨-૧૮ના રોજ પોશીના તાલુકાના પાંચ શિક્ષકોને નોટીસ આપવામાં આવી હતી અને ખેડબ્રહ્મા તાલુકાના પાટડીયા વર્ગ ૨ તાલુકા શિક્ષણ અધિકારીએ શિક્ષકો લેટ આવતાં નોટીસ આપી હતી પણ આવી નોટીસોની જાણે ટેવ પડી ગઈ હોય તેમ દિવસે દિવસે અંતરીયાળ વિસ્તારમાં શિક્ષણનું સ્તર નિચે ઉતરતું જાય છે.

### અવસાન નોંધ

મોડાસા પ્રદેશ ભાવસાર સમાજના પ્રમુખ હર્ષદભાઈ કેશવલાલ ભાવસારના માતૃશ્રી ગં. સ્વ. કંચનબેન કેશવલાલ ભાવસારનું તારીખ ૩૦-૧૨-૧૮ને રવિવાર રોજ અવસાન થયેલ છે. જેઓના વતન રમોસ ખાતે સ્મશાનયાત્રામાં મોટી સંખ્યામાં ગ્રામજનો અને જ્ઞાતિજનો જોડાયા હતા. જેઓનુ બેસણુ તા. ૧૧-૧-૧૯ને ગુરુવારના રોજ રમોસ ખાતે રાખેલ છે.

### ધનસુરાના રહિયોલના મૃતકના વીમા પોલિસીના નાણાં

# બારોબાર વીમા એજન્ટોએ બેન્કમાંથી ઉઠાવી લીધા

ધનસુરા તાલુકાના રહિયોલ ગામના કનુભાઈ રમેશભાઈ પરમારે મોડાસાના સર્વોદયનાગર વિસ્તારમાં રહેતા તેમના મિત્ર સુરેશ ભાઈ સોમાભાઈ પરમાર પાસેથી બજાજ એલિયાન્ઝ નો રૂ.૯૦૨૭૫૩/- નો વીમો લીધો હતો અને તેના પ્રીમિયમ નું નિયમિત ચુકવણું કરતા હતા કનુ ભાઈનું આકસ્મિક મૃત્યુ થતા વીમો પાકતા વીમા એજન્ટ સુરેશ સોમાભાઈ પરમાર અને મુખ્ય વીમા એજન્ટ અમદાવાદ નરોડાના પ્રદીપ શ્યામલાલ કોરે મીલીભગત થી મૃતકના પત્નીના ભોળપણનો ફાયદો ઉઠાવી મોડાસાની વિજ્યા બેંકમાં ખાતું ખોલાવી ચેક બુક અને એટીએમ વિશ્વાસ કેળવી ચેક બુકમાં સહી કરાવી એટીએમ મારફતે ૯૦ હજાર રૂપિયા ઉપાડી ચેક થી રૂ.૮ લાખ પ્રદીપ શ્યામલાલ કોરેના ખાતામાં ટ્રાન્સફર કરી મૃતક ની પત્નીને ફક્ત ૯૦ હજાર રૂપિયા આપી મૃતકની મહિલા સાથે વિશ્વાસઘાત કરી ધમકી આપતા સમગ્ર મામલો મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો મૃતકની પત્નીએ સુરેશ સોમાભાઈ પરમાર અને પ્રદીપ શ્યામલાલ કોર સામે ફરિયાદ નોંધાવતા મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ વ્યાસ અને તેમની ટીમે પ્રદીપ ની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા નામદાર કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા હજુપણ વીમા પોલિસીની રકમ સેરવી લેનાર મુખ્ય આરોપી સુરેશ સોમાભાઈ પરમાર ભૂગર્ભ ઉતરી જતા પોલીસ પકડ થી દૂર છે આગામી સમયમાં મૃતકના નાણાં બરોબર સેરવી લેવાનું મસમોટું કૌભાંડ બહાર આવેતો નવાઈ નહિ...?



મોડાસાના સર્વોદય નગર વિસ્તારમાં રહેતા સુરેશભાઈ સોમાભાઈ પરમાર બજાજ એલિયાન્ઝ કંપનીના વીમા એજન્ટ તરીકે કામ કરે છે જેની પાસેથી ધનસુરા તાલુકાના રહિયોલ ગામના કનુભાઈ રમેશભાઈ પરમારે વીમા પોલિસી લીધી હતી કેટલાક પ્રીમિયમ ચૂકવ્યા બાદ વીમાધારક કનુભાઈનું આકસ્મિક નિધન થતા વીમા એજન્ટ સુરેશ સોમાભાઈ પરમારે મૃતકની પત્ની કોકિલાબેન કનુભાઈનો સંપર્ક કરી તેમના પતિના વીમાના રૂપિયા પાકેલ હોવાનું જણાવી મોડાસાની વિજ્યા બેંકમાં ખાતું ખોલાવ્યું હતું

● અનુસંધાન પાના - ૭ પર